**કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ કચેરી હસ્તકની સ્પે.કોમ્પોનન્ટ પ્લાન હેઠળની યોજનાને વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- **IMD/WRT/e-file/9/2023/3217/KH**
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: /૦૩/૨૦૨૪.

**વંચાણે લીધા:-**
૧)કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીનો તા.૧૭/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: CCRI/BPPLAN/ e-file/152/2024/0154/Plan Branch.
૨) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રિઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ. કચેરીનો તા.૧૩/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક : ગ્રીમકો-લેધર-૧૬૪૨-૨૦૨૪.
3) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. કચેરીનો તા.૧૬/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાક: યોજના/બજેટ/૨૦૨૪-૨૫/૨૦૨૪/૩૫૫૩.
૪)ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ કચેરીનો તા.૧૭/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ઈન્ડેક્ષ્ટ-સી/હસબ/બજટ /૨૪-૨૫ /૧૬૦/૨૦૨૪.

**પ્રસ્તાવના:-**
વંચાણે લીધેલ ક્રમાંક:- (૦૧) થી (૦૪)ના પત્રોથી કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેમના હસ્તકની કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સ્પે. કોમ્પોનન્ટ પ્લાન હેઠળ સમાવિષ્ટ કૂલ ૦૮(આઠ) ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત મોકલી આપવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**
વિચારણાને અંતે કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી તથા તેમના હસ્તકની કચેરીઓની યોજનાકીય બાબતો અંગે વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચે દર્શાવ્યા મુજબની **સ્પે.કોમ્પોનન્ટ પ્લાન** સદરની કૂલ ૦૮(આઠ) ચાલુ બાબતોને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે

| COMMISSIONERATE OF COTTAGE & RURAL INDUSTRIES GANDHINAGAR COMPONANT PLAN | | | |
|---|---|---|---|
| | | BUDGET- Year-2024-25 | Rs. In Crore |
| Sr. No | Budget Head | SCHEME NAME | Approval For Bud 2024-25 |
| 1 | 95-2851-00-103-01 | (01) IND-12 schedule castes sub plan enforcement of handloom act supervision and administration (c.s.s scheme) | 1.00 |
| ૨ | 95-2851-00-103-10 | IND-12 S.C.P. for S.C integrated handloom development scheme, financial assistance to schedule cast | 5.50 |
| ૩ | 95-2425-00-108-06 | (02) IND-22 Financial Assistance to Co-operative package scheme. | 52.00 |
| 4 | 95-2425-00-003-01 | (04) IND-31- Incentive scheme for education unemployed for providing financial Assistance for self employment | 10.86 |
| 5 | 95-2851-00-800-04 | (13) IND-32 Cluster Development Scheme | 0.26 |
| 6 | 95-2851-00-800-03 | (09) IND-23 Asssistance to Indext-C | 0.75 |
| 7 | 95-2851-00-102-01 | (17) IND-26 Financial Assistance to Gujarat Rural Industries Marketing Corporation Ltd. for Marketing and Production of Rural and Cottage Industries | 0.69 |
| 8 | 95-2851-00-104-01 | (07) IND-18 Financial Assistance to Gujarat State Handicraft Development Corporation Limited. | 7.00 |

આ અંગેનો ખર્ચ ઉપર્યુક્ત કોષ્ટકમાં જણાવ્યા મુજબ જે તે અંદાજપત્રીય સદરે યોજના અને તેની સામે દર્શાવેલ રકમની મર્યાદામાં નીચે દર્શાવેલ શરતોને આધિન કરવાનો રહેશે.

**શરતો:**

a. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
b. આ યોજનાનો અમલ નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
c. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
d. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
e. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે ખરીદી કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

f. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

g. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

h. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

i. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

j. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

k. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

l. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

m. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો, તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

n. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

o. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

p. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

q. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

r. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

s. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

t. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

u. આ મંજૂરી અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એમ.શેખ)
સેક્શન અધિકારી
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.

(૨) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.

(૩) સચિવશ્રી (કુ.ઉ)ના અંગત સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫/૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી (ઉદ્યોગ), નાણા વિભાગ, બ્લોક નં.૫/૩, સચિવાલય, ગાંધીનગર.

(૫) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, બ્લોક નં.૭/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી., મહાત્મા મંદિર પાસે, સેકટર-૧૩, ગાંધીનગર.

(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી., બ્લોક નં. ૧૭, પાંચમો માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર.

(૮) કાર્યવાહક નિયામકશ્રી, ઈન્ડેક્ષ્ટ- સી કચેરી, બ્લોક નં.૭/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૯) સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Mohammedfaiyaz M. Shaikh
Section Officer
Date: 2024.03.01 11:27:03 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign